RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-07
July-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષણસહાયકોનો આકાંક્ષાઓના સંદર્ભ માં વ્યવસાય સંતોષનો અભ્યાસ

*Akash R. Rami

*Assistant Professor, Shri K. H. Patel M.Ed Institute, Modasa, Gujarat (India)*

## પ્રસ્તાવના

૨૧ મી સદી એ વિજ્ઞાન અને ટેક્નોલોજી નો યુગ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં જેમ પરિવર્તન આવે છે તેને શિક્ષણ વ્યવસ્થાપન ક્ષેત્રે અનેક પ્રયોગાત્મક કાર્યો અને સંશોધન થઈ રહ્યા છે.

આધુનિક જગત વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વોતોમુખી વિકાસ માટે શિક્ષણને મહત્ત્વનુ સાધન ગણે છે. શિક્ષણની પ્રકિયા અનંત છે એટલે કે શિક્ષણની પ્રકિયા એક સાતત્યપૂણ, પૂનઃનિર્માણ અને ગતિશીલતા માટે શિક્ષણરૂપી ઈમારતના ચારેય પાયા અને તેનો ઘનિષ્ટ સંબંધ અનિવાર્ય થઈ પડે છે આ ચાર પાયા એટલે વિધાર્થીઓ, શિક્ષકો, અભ્યાસક્રમ અને મૂલ્યાંકન આ ચારેય પાયાનો પથ્થર કે શિક્ષણરૂપી ઘડિયાળના બાલચક્ર તરીકે નવાજવામાં આવે છે.

વ્યવસાય એ સામાજિક પ્રતિષ્ઠાનું પરિબળ છે. વ્યક્તિની જીવન જીવવાની તરાહ પણ વ્યવસાય પર આધારિત છે. જેમ-જેમ વ્યવસાય ઉંચો તેમ આવક વધુ હોવાના કારણે જીવન ધોરણ ઊંચુ હોય છે વ્યવસાય પ્રત્યેના ચોક્કસ વલણો પણ વ્યવસાય પસંદગી પર આધાર રાખે છે. અમુક જાતના મૂલ્યોને આધારે પણ વ્યક્તિ અમુક વ્યવસાયો પસંદ કરવાની આકાંક્ષા રાખે છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ તથા સમાજમાં સતત બદલાતા મૂલ્યોના સંદર્ભમાં શિક્ષણનું મહત્ત્વ જેટલું વધતું ગયું છે તેટલું જ મહત્ત્વ શિક્ષણ સહાયક શિક્ષકના વ્યવસાય સંતોષતા પ્રમાણમાં કેટલું છે? તે બાબત જાણવી જરૂરી જ નહીં. પરંતુ આવશ્યક બની ગયું છે અને તે બાબત જાણવા માટે સંશોધકે આ અભ્યાસ હાથ ધર્યો હતો.

## અભ્યાસના હેતુઓ

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકોનો આકાંક્ષાના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવા માટે પ્રશ્નાવલિ તથા અભિપ્રાયવલિની રચના કરવી.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકોનો આકાંક્ષાના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવો.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના પુરુષ શિક્ષણ સહાયકોનો આકાંક્ષાના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવો.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયકોનો આકાંક્ષાના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવો.

(૫) ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના શિક્ષણ સહાયકોનો આકાંક્ષાના સંદર્ભમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવો.

## ઉત્કલ્પનાઓ

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા શિક્ષણ સહાયકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા સ્ત્રી-પુરૂષ શિક્ષણ સહાયકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

(૩) શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા શિક્ષણ સહાયકોમાં વ્યવસાય સંતોષમાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## સંશોધનનું ક્ષેત્ર

સંશોધનનું ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું હતું.

## સંશોધનનો પ્રકાર

સંશોધનનો પ્રકાર સંખ્યાત્મક પ્રકારનું હતું.

## મહત્ત્વ

© RRIJM 2015, All Rights Reserved

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની આકાંક્ષા જાણી શકાશે.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોને શિક્ષણ કાર્યમાં રહેલ રસ અને સંતોષ વિષે જાણી શકાશે.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકના વ્યવસાયને લગતા વિવિધ પાસાઓને વિસ્તૃત રીતે જાણી શકાશે.

**અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

| | | |
|---|---|---|
| સ્વતંત્ર ચલ | - | વ્યવસાય સંતોષ |
| પરિવર્તક ચલ | - | જાતિ:- પુરુષ, સ્ત્રી |
| અંકુશિત ચલ | - | વિસ્તાર : શહેરી |

**સંશોધનની મર્યાદાઓ**

(૧) શિક્ષણ ક્ષેત્રે વિશાળ ફલકમાંથી સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ ન કરતાં ફકત નમૂનારૂપ ૮૦ શિક્ષણ સહાયકોનો જ સંશોધનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(૨) આ સંશોધનના અભ્યાસ માટે મેળવેલ માહિતી અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ શિક્ષણ સહાયક પૂરતો જ મર્યાદિત હતું.

(૩) આ સંશોધન એ ગુજરાતી માધ્યમવાળી શાળાઓમાં નોકરી કરતાં શિક્ષણ સહાયક પૂરતું જ મર્યાદીત હતું.

(૪) આ સંશોધન માત્ર શહેરી વિસ્તારના શિક્ષણ સહાયકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધન માટે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના માટે યાદચ્છિક રીતે ૮૦ શિક્ષણ સહાયક શિક્ષકો પસંદ કરવામાં આવ્યો હતા. જેમાં ૫૮ પુરુષ અને ૨૨ સ્ત્રી શિક્ષણ સહાયકનો સમાવેશ કરેલ હતો.

**સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતીનું એકત્રીકરણ**

સંશોધક અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાનાં શિક્ષણ સહાયકોની મુલાકાત લઈ પ્રશ્નાવલી તેમજ અભિપ્રાયવલિ આપી માહિતી એકત્રિત કરશે.

**ઉત્કલ્પનાની ચકાસણી**

પ્રસ્તુત સંશોધનમાં શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે પ્રાપ્ત માહિતીનું

“ ” કસોટી દ્વારા પૃથ્થકરણ અને અર્થઘટન કરવામાં આવે છે.

**ઉત્કલ્પના – ૧**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાકોના આધારે પૃથ્થકરણ કરતાં પ્રાપ્ત થતું “ ” મુલ્ય ૧.૧૫ છે. જે ૦.૦૫ કક્ષાએ સારણી પરથી મળેલ મૂલ્ય ૧.૯૬ અને ૨.૫૮ કરતા ઓછું છે. તેથી સાર્થક નથી. આથી શૂન્ય ઉત્કલ્પના $Ho_1$ નો સ્વીકાર થાય છે.

**ઉત્કલ્પના – ૨**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાકોના આધારે પૃથ્થકરણ કરતાં પ્રાપ્ત થતું “ ” મુલ્ય ૨.૮૪ છે. જે ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સારણી પરથી મળેલ મૂલ્ય ૧.૯૬ અને ૨.૫૮ કરતા વધુ છે. તેથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પના $Ho_2$ નો અસ્વીકાર થાય છે.

**ઉત્કલ્પના – ૩**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકોના આધારે પૃથ્થકરણ કરતાં પ્રાપ્ત થતું “ ” મુલ્ય ૨.૯૩ છે. જે ૦.૦૫ કક્ષાએ સારણી

© RRIJM 2015, All Rights Reserved 

પરથી મળેલ મૂલ્ય ૧.૯૬ અને ૨.૫૮ કરતા વધુ છે. તેથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પના $Ho_3$ નો અસ્વીકાર થાય છે.

**ઉત્કલ્પના – ૪**

શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકોના આધારે પૃથ્થકરણ કરતાં પ્રાપ્ત થતું “˙ ” મુલ્ય ૧.૫૧ છે. જે ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સારણી પરથી મળેલ મૂલ્ય ૧.૯૬ અને ૨.૫૮ કરતા વધુ છે. તેથી ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પના $Ho_4$ નો સ્વીકાર થાય છે.

**અભ્યાસના તારણો**

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ અને ઓછી આકાંક્ષા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો પર વ્યવસાય સંતોષની કોઈપણ પ્રકારની અસર જોવા મળતી નથી.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ આકાંક્ષા ધરાવતા પુરુષ શિક્ષણ સહાયકો શિક્ષકો પર વધુ વ્યવસાય સંતોષની અસર થતી જોવા મળે છે.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના ઓછી આકાંક્ષા ધરાવતા પુરુષ શિક્ષણ સહાયકો શિક્ષકો પર ઓછી વ્યવસાય સંતોષની અસર જોવા મળે છે.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળાના વધુ આકાંક્ષા ધરાવતા સ્ત્રી શિક્ષણ સહાયકો શિક્ષકાઓ પર વધુ વ્યવસાય સંતોષની અસર થતી જોવા મળે છે.

(૫) ઉચ્ચતર માધ્યમિક શાળાના ઓછી આકાંક્ષા ધરાવતા સ્ત્રી શિક્ષણ સહાયકો શિક્ષકો પર ઓછી વ્યવસાય સંતોષની અસર જોવા મળે છે.

**સંદર્ભ સૂચિ :**


૧. આચાર્ય, મોહિની. “શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર, ” અક્ષર પબ્લિકેશન અમદાવાદ.
૨. ઉચાટ, ડી. એ.(૨૦૦૪).“માહિતી પર સંશોધન વ્યવહારો,”(પ્રથમ આવૃતિ), રાજકોટ, પારસ પ્રકાશન.
૩. દેસાઈ, કે. જી. (૧૯૭૯). “શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શનની પ્રવિધિઓ,” અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
4. Mukharji, S.N. “Administration of Education in India”.